## ચીખલીમાં બે આંખલા વચ્ચે યુદ્ધ, ત્રણ વાહનને નુકસાન



ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલીમાં સાંજના સમયે બે આંખલા વચ્ચે યુદ્ધ થતા ત્રણ જેટલી મોટર સાયકને નુકસાન થવા પામ્યું હતું. ચીખલી નગરમાં અવાર નવાર જાહેર સ્થળોએ આંખલા યુદ્ધ થતા લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે કેટલાક બનાવમાં લોકોએ નુકશાની પણ વેઠવાની નોબત આવી રહી છે. ચીખલીમાં રખડતા ઢોરો જેમાં બળદ અને સાંઢનો ત્રાસ વધી જતાં આમ પ્રજા અને વાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સોમવારની સાંજના સમયે ચીખલી માર્ગ મકાનની કચેરી પાસે બે આંખલા યુદ્ધે ચડતા આખલા ઉપર દુકાનદારો દ્વારા પાણીનો મારો ચલાવી છુટા પાડ્યા હતા. ચીખલી પંથકના શાકભાજી માર્કેટ, બજાર, જુના વલસાડ રોડ, ખત્રીવાડ, ધોબીવાડ, જુના બસ સ્ટેન્ડ, પાણીની ટાંકી, લાયન્સ ગાર્ડન રોડ તેમજ ચીખલી-તલાવચોર માર્ગ ઉપર અને ચીખલી ચાર રસ્તા, એસ.ટી.ડેપો સર્કલ સહિતના અનેક વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રખડતા ઢોરોના ટોળેટોળા જાહેર માર્ગો ઉપર દોડતા એક સમયે ભયનો માહોલ સર્જાઈ રહ્યો છે.

### વેસ્માામાં ભયંકર ગરમીમાં બાળકો અને વૃદ્ધોની હાલત કફોડી, કામકાજ અને વેપાર પર અસર

# વીજ કંપનીની લાપરવાહીથી રોષ

**મધરાત્રે** વીજળી ગુલ થતા લોકો રસ્તા પર ઉતર્યા

**વારંવારના** પાવર કટથી ગ્રામજનો તોબા, જૂના ટ્રાન્સફોર્મર અને નબળી કામગીરી સામે DGVCL ઘેરાઈ



નવસારી : નવસારી જિલ્લાના વેસ્મા ગામમાં સતત ખોરવાતા વીજ પુરવઠાને કારણે લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. છેલ્લા કેટલાક દિવસોથી ગામમાં વારંવાર વીજળી જતી રહેતા ગરમી અને ભેજ વચ્ચે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. ગત મધરાત્રિએ લાંબા સમય સુધી વીજ પુરવઠો બંધ રહેતાં પરેશાન રહેવાસીઓએ ખુલ્લેઆમ રોષ વ્યક્ત કર્યો હતો.

રાત્રિના સમયે અચાનક વીજળી ગુલ થઈ જતા ઘરોમાં પંખા અને એસી બંધ પડી ગયા હતા. અસહ્ય ઉકળાટને કારણે બાળકો, વૃદ્ધો અને મહિલાઓ ઘરની બહાર નીકળવા મજબૂર બન્યા હતા. ગામના અનેક વિસ્તારોમાં લોકો ટોળે વળી ભેગા થયા હતા અને દક્ષિણ ગુજરાત વીજ કંપની સામે ઉગ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, ગામમાં લાગેલા જૂના ટ્રાન્સફોર્મર પર વધતા લોડને કારણે વારંવાર ફોલ્ટ સર્જાઈ રહ્યો છે. નવા મકાનો અને વધતા વીજ વપરાશ સામે વીજ કંપનીએ જરૂરી સુવિધાઓમાં વધારો કર્યો નથી. લોકોનો આક્ષેપ છે કે પ્રત્યેક વખતે માત્ર કામચલાઉ મરામત કરવામાં આવે છે, જેના કારણે થોડા સમય બાદ ફરી વીજ પુરવઠો ખોરવાઈ જાય છે.

#### કાયમી ઉકેલ લાવવા રજૂઆત

સતત વીજ સમસ્યાને કારણે નોકરીયાત વર્ગ, વેપારીઓ તેમજ દૈનિક મજૂરી કરતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ઊંઘ ન પૂરતી થવાને કારણે રોજિંદા કામકાજ પર પણ અસર પડી રહી છે. ગ્રામજનોએ તાત્કાલિક નવા અને વધુ ક્ષમતાવાળા ટ્રાન્સફોર્મર સ્થાપિત કરવાની માંગ સાથે વીજ લાઈનનું સંપૂર્ણ નિરીક્ષણ કરી કાયમી ઉકેલ લાવવા રજૂઆત કરી છે. વેસ્માની હાલતને લઈને લોકોમાં એવો સવાલ ઉઠી રહ્યો છે કે ઉનાળાની શરૂઆતમાં જ આવી સ્થિતિ હોય તો આગામી દિવસોમાં પરિસ્થિતિ કેટલી ગંભીર બની શકે. હવે લોકોની નજર DGVCLના આગામી પગલાં પર ટકેલી છે.



# માલેગામની નવી શાળાના બાંધકામમાં ભ્રષ્ટાચાર!

**બાળકોના** જીવના જોખમે હલકી ગુણવત્તાનું કામ થતું હોવાની ગ્રામજનોમાં રોષ સાથે રજૂઆત, તપાસની માંગ

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા તાલુકાના માલેગામ ખાતે નિર્માણાધીન પ્રાથમિક શાળાના મકાનમાં ગેરરીતિ અને હલકી ગુણવત્તાના બાંધકામનો મામલો સામે આવતા ગ્રામજનોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે ઈજારદાર દ્વારા સરકારી ધોરણોને નેવે મૂકી નબળું કામ કરવામાં આવી રહ્યું છે, જે ભવિષ્યમાં બાળકો માટે જોખમી સાબિત થઈ શકે છે.

શાળાના સ્લેબ અને પિલરના બાંધકામમાં ગુણવત્તાના ધજાગરા ઉડ્યા છે. ગ્રામજનોએ જણાવ્યું કે, કોંક્રીટના કામમાં રેતીના બદલે મોટા પ્રમાણમાં ગ્રીટ વાપરવામાં આવી છે. આ ઉપરાંત, બાંધકામની મજબૂતી માટે અનિવાર્ય એવા પાણીના છંટકાવ (ક્યુરિંગ) માં પણ ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી છે. પાણીના અભાવે અને નિમ્ન કક્ષાના સિમેન્ટના વપરાશને કારણે બાંધકામ અત્યારથી જ નબળું દેખાઈ રહ્યું છે. માલેગામના લોકોએ માંગ કરી છે કે અધિકારીઓ સ્થળ મુલાકાત લઈ તપાસ કરાવે. જવાબદાર ઈજારદાર સામે કાર્યવાહી કરી મજબૂત ભવન બનાવવામાં નહીં આવે, તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# આશ્રમ શાળાઓના 400 કર્મચારીઓ પગારથી વંચિત

**આદિજાતિ** વિભાગ દ્વારા તો ગ્રાન્ટ સમયસર ફાળવાઈ પણ પગાર ન થતા કર્મચારીઓમાં રોષ

વલસાડ : વલસાડ જિલ્લાની 50 અને 4 ઉચ્ચતર બુનિયાદી આશ્રમશાળાનો વહીવટ 2025થી જિલ્લા પ્રાયોજના વહીવટદાર કચેરીના તાબા હેઠળ છે. પરંતુ વહીવટી વ્યવસ્થામાં સંકલનના અભાવે 400 કર્મચારીઓના એપ્રિલ-2026નો પગારમાં ભારે વિલંબ ઉભો થતાં કર્મચારીઓ તથા પરિવારો વેકેશનમાં આર્થિક સંકટમાં મુકાયા છે. આટલું ઓછું હોય તેમ ભારે વિલંબ બાદ બિલો ટ્રેઝરીમાં રજૂ કરવામાં આવ્યા, જેમાં 96 પ્લાન હેઠળની શાળાઓના કર્મચારીઓનો પગાર તા.8 મે ના રોજ જમા થયો હતો. જ્યારે 93 નોન-પ્લાન તથા 96 નોન-પ્લાનના એક બિલમાં જરૂરી સહીઓના અભાવે વાંધા ઉઠતાં આજદિન સુધી અનેક કર્મચારીઓનો પગાર બાકી રહ્યો હોવાનું કર્મચારીઓ જણાવી રહ્યા છે. ત્યારે જિલ્લા પ્રાયોજના અધિકારી તથા આદિજાતિ વિકાસ અધિકારી દ્વારા પગારમાં થતા વિલંબની નિષ્પક્ષ તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે જેથી 24 કલાક આશ્રમ શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓનો નિયમિત પગાર થઈ શકે. વલસાડ જિલ્લા આશ્રમ શાળા અધિકારી ઓ.એમ.પરમારે જણાવ્યું કે, આશ્રમ શાળા કર્મચારીઓનો પગાર સંભવત બે દિવસમાં થઈ જશે.

# વાપીમાં સેલ્સમેન લૂંટ પ્રકરણમાં ત્રણને ઝડપી રિકન્સ્ટ્રક્શન કરાયું

**આકાશ** ટ્રેડર્સના કર્મચારી પર હુમલો કરી લૂંટ ચલાવનાર જમ્મુની ટોળકીના ત્રણ શખ્સો ઝડપાયા



વાપી : વાપીના કરવડ સ્થિત પૂનમજી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક પાસે રાત્રિના સમયે આકાશ ટ્રેડર્સમાં માર્કેટીંગનું કામ કરતા મોટારામ માલી પર જીવલેણ હુમલો કરી બે અજાણ્યા ઈસમો 1.50 લાખની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.

આ મામલે ફરિયાદ નોંધાતા એસ.ઓ.જી. (SOG) અને એલ.સી.બી. (LCB) ટીમે સીસીટીવી ફૂટેજ તથા ટેકનિકલ એનાલિસિસના આધારે તપાસ હાથ ધરી જમ્મુના ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે.

ઝડપાયેલા આરોપીઓમાં જાહીદ ઉર્ફે ભુરીયા મોહમદ ફરીદ મીર (ઉં.20), અનવર રફી અબ્દુલ્લા ભટ્ટ (ઉં.24) અને અમાનઉલ્લા ઉર્ફે કેફ મુખ્તારઆલમ (ઉં.23)નો સમાવેશ થાય છે. મુખ્ય સૂત્રધાર અનવર રફી અગાઉ આ જ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના ગોડાઉનમાં કામ કરતો હોવાથી તેને તમામ ગતિવિધિઓની જાણકારી હતી. પોલીસે આરોપીઓને વાપી કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા છે. વધુ તપાસ માટે પોલીસે આરોપીઓને સાથે રાખી ઘટનાસ્થળે લૂંટનું રી-કન્સ્ટ્રક્શન કરી ગુનાના આયોજન અને લૂંટની પદ્ધતિ અંગેની વિગતો મેળવી હતી.

### સુરતનો DGVCL કમ્પ્લેન નંબર કલાકો સુધી બીઝી

# દેહરીમાં છાશવારે વીજ પુરવઠો ખોરવાતા લોકોનો હલ્લા બોલ

**લોકો** અને પંચાયતની ઉગ્ર રજૂઆત બાદ તંત્ર દોડતું થયું



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના દેહરી ગામમાં વીજ પુરવઠો છાશવારે ખોરવાઈ જતો હોય લોકો ભારે પરેશાન હોય પંચાયતની ટીમ સાથે ડીજીવીસીએલ કચેરીએ પહોંચી આવેદનપત્ર આપી તંત્ર સામે આક્રોશ ઠાલવ્યો હતો.

દેહરી ગ્રામ પંચાયતના સરપંચ ધનેશભાઈ, જિલ્લા પંચાયતના સભ્ય વંદનાબેન માહ્યાવંશી, પંચાયતના સભ્ય નીતિન કામળી, તાલુકા પંચાયતના માજી સભ્ય દિનેશ માહ્યાવંશી, બાબુભાઈ માહ્યાવંશી તથા ગ્રામજનો મંગળવારે સોળસુંબા ડીજીવીસીએલ કચેરી ખાતે પહોંચી કાર્યપાલક ઇજનેર ઇન્ડસ્ટ્રીયલ ડિવિઝન બલીઠાના અધિકારી તથા સોળસુંબા ડીજીવીસીએલ કચેરીના અધિકારીને આવેદનપત્ર સુપ્રત કરી જણાવ્યું હતું કે એકાદ મહિનાથી દેહરી ગામમાં વીજળીના ધાંધિયા જોવા મળી રહ્યા છે. છાસવારે વીજ પુરવઠો ખોરવાતા દેહરી જવાહરવાડીમાં વીજ પુરવઠો બંધ થવાની સાથે રાત્રે લો વોલ્ટેજની સમસ્યાથી લોકોએ ભારે પરેશાની વેઠવી પડી રહી છે. સુરતનો ડીજીવીસીએલનો કમ્પ્લેન નંબર હંમેશા બીઝી આવે છે. સ્થાનિક કક્ષાએ કોઈપણ અધિકારી રાત્રે ફોન ઉપાડતા નથી. સર્વિસ વાયરો ખૂબ નીચે આવી ગયા છે અકસ્માત થવાની સંભાવના સતાવી રહી છે.કમ્પ્લેન નંબર સોળસુબા કચેરી ખાતે શરૂ કરવાની પણ માંગણી સાથે તંત્ર યોગ્ય કાર્યવાહી ન કરશે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ફરજ પડશે. ગ્રામજનો અને પંચાયતની રજૂઆત બાદ ગણતરીના કલાકોમાં અધિકારી તથા કર્મચારીની ટીમ તાત્કાલિક દેહરી દોડી આવી હતી.


